**Media Release**

# ઈડીઆઈઆઈ નેશનલ સ્ટાર્ટ અપ ડે મનાવ્યો

**અમદાવાદ, 16 જાન્યુઆરી, 2024:** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ મંગળવારે નેશનલ સ્ટાર્ટઅપ ડેની ઉજવણી કરવા માટે એક અનોખા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરેટ ડિરેક્ટર આઈએએસ શ્રી પી બી પંડ્યા, અતિથિવિશેષ તરીકે રહેલા ગ્રોથ 91ના ફાઉન્ડર શ્રી જિમિષ કાપડિયા, વિશેષ અતિથિ પદે લિમ્ફોન બાયોલોજિક્સના કો-ફાઉન્ડર અને ચીફ સાયન્ટિફિક ઓફિસર શ્રી નિલેશ પટેલ તથા ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્યની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટ ઈડીઆઈઆના વાર્ષિક આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયોનું કર્ટન રેઝર પણ હતી. એમ્પ્રેસારિયોની 2024ની થીમ છે ટેક ઇનોવેશન ફોર સસ્ટેનેબલ ફ્યુચર.

પોતાના પ્રારંભિક વક્તવ્યમાં ડો. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું કે ગુજરાત તેની પ્રોત્સાહક સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ માટે જાણીતું છે. રાજ્યમાં રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતે સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઇકોસિસ્ટમ રેન્કિંગમાં પહેલો નંબર જાળવી રાખ્યો છે. રાજ્યે સાનુકૂળ નીતિઓ, યોજનાઓ અને અનેક ફંડિંગ વિકલ્પો ઊભા કર્યા છે ત્યારે હું યુવાનોને તેમના ઇનોવેટિવ આઇડિયા સાથે આગળ આવવા અને તેનો અમલ કરવા માટે વિનંતી કરું છું.

પોતાના મુખ્ય સંબોધનમાં શ્રી પી બી પંડ્યાએ જણાવ્યું હતું કે "આજનો સમય ઇનોવેટર્સનો અને ઇનોવેશન્સનો છે. યુવાનોએ આગળ આવવું જોઈએ અને તેમના સમક્ષ રહેલી તકોનો લાભ લેવો જોઈએ. તેમણે માત્ર વિચારને રજૂ કરવાનો છે અને બાકીનું બધું રાજ્યે ઊભી કરેલી મજબૂત આંત્રપ્રિન્યોરશિપ ઇકોસિસ્ટમમાં આપોઆપ તૈયાર થઈ જશે. કોઈપણ પ્રકારનો સપોર્ટ હોય, ચાહે તે મેન્ટરશિપ, ઇન્ક્યુબેશન, ફંડિંગ કે અન્ય કોઈપણ પ્રકારના સપોર્ટની કમી નથી. આજના મૈત્રીપૂર્ણ સમયમાં આ બધું મેનેજ કરવું ખૂબ જ સરળ છે."

શ્રી જિમિષ કાપડિયાએ ઉપસ્થિત લોકોને ઉત્સાહિત કરતા જણાવ્યું હતું કે "ભારત ખૂબ જ શ્રેષ્ઠ કક્ષાની સંસ્થાઓ, નીતિઓ, ઇન્ક્યુબેશન અને એક્સીલેટર્સ ધરાવે છે. સંભાવનાઓ ધરાવતા

સ્ટાર્ટઅપ્સ માટે વર્તમાન સમય ખૂબ જ લાભદાયક છે. મારા મતે ઉભરતા ઉદ્યોગ સાહસિકોએ તેમનામાં વિશ્વાસ કેળવવો જોઈએ અને પૂરા આત્મવિશ્વાસ સાથે તેમના વિચારોને આગળ લઈ જવા જોઈએ. તેઓ નિષ્ફળ થવાના ડરથી બહાર આવે તે જરૂરી છે કારણ કે સફળતાનો પાયો અહીં જ ટકેલો છે."

ઊભરતા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરતા શ્રી નિલેશ પટેલે જણાવ્યું હતું કે "ઉદ્યોગ સાહસિક તરીકેની સફર કદી સરળ નથી હોતી. તેમાં ઉતાર-ચઢાવ આવતા રહે છે પરંતુ આ જ બાબત નિર્ણાયક બની રહે છે. આના પગલે મળતું આખરી પરિણામ ખૂબ જ સંતોષકારક અને લાભદાયક હોય છે. નિષ્ફળતામાં શક્તિ છૂપાયેલી છે અને હું યુવાનોને વિનંતી કરું છું કે તેને અપનાવે તથા મોટી સ્વપ્નો, સમજદારી, ચપળતા તથા શાણપણ સાથે આગળ વધે."

ડો. સત્ય રંજન આચાર્ય દ્વારા આભારવિધિ સાથે આ કાર્યક્રમનું સમાપન થયું હતું. ડો. આચાર્યે ભારતમાં અને ગુજરાતમાં વધી રહેલા સ્ટાર્ટઅપ્સ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે યુવાનો માટે ઉપલબ્ધ સરળતાથી ઉપલબ્ધ ફંડિંગ વિકલ્પો અને નિયમનો ગણાવ્યા હતા અને તેમના વિચારો માટે પ્રયોગ કરવા માટે એક શક્તિશાળી પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. ડો. સત્યાએ ઈડીઆઈઆઈ ખાતે ટેક્નોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર્સ અને સ્ટાર્ટઅપ્સને નેટવર્કિંગ, ટેક્નોલોજી, માર્કેટિંગ અને ફંડિંગમાં તેની સર્વિસીઝ અંગે પણ વાત કરી હતી.

સમગ્ર દિવસ દરમિયાન ચાલેલી આ ઇવેન્ટમાં ઊભરતા ઉદ્યોગ સાહસિકોને તેમની ઉદ્યોગ સાહસિક તરીકેની સફરમાં માર્ગદર્શન આપવા માટે સ્પીકર સેશન્સ, પિચ ડેક, ડેમો ડે અને એલ્યુમની ઇન્ટરેક્શન જેવી સ્પર્ધાઓ અને સ્ટ્રેસ ઇન્ટર્વ્યૂઝ, એડ-મેડ શૉ, ટ્રેઝર હંટ જેવી પ્રવૃત્તિઓ તથા તેના બાદ મ્યુઝિકલ ઇવનિંગ પણ યોજાઈ હતી.

આ ઇવેન્ટમાં 250થી વધુ વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ અને ઊભરતા ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો હતો. લગભગ 25 સ્પર્ધકોએ તેમના બિઝનેસ આઈડિયાઝને ઇન્વેસ્ટર પેનલ સમક્ષ રજૂ કર્યા હતા.

**About Entrepreneurship Development Institute of India (EDII)**

The Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad was set up in 1983 as an autonomous and not-for-profit Institute with support of apex financial institutions - the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and State Bank of India (SBI). The Government of Gujarat pledged twenty-three acres of land on which stands the majestic and sprawling EDII Campus. EDII has been recognized as the CENTRE OF EXCELLENCE by the Ministry of Skill Development and Entrepreneurship, Govt. of India. The Institute has also been listed as the Institute of National Importance by the Education Department, Govt. of Gujarat. EDII operates across the country through its seven regional offices and PAN India project offices. It has international affiliates in Cambodia, Laos, Myanmar Vietnam, Uzbekistan and Rwanda. For more information visit: www.ediindia.org

**For more information, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987